અપીલ અરજી નં.૪૦૪ તા.૨૨–૨–૧૦

અરજદારઃ–શ્રી જી. રાધા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જી. રાધાની તા.૧૬–૭–૦૯ ની અરજીથી તેમની તા.૧૮–૩–૦૯ અને તા.૨૬–૫–૦૯ ની અરજી બાબતે થયેલી કાર્યવાહીની માહિતી પૂરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૧૨–૦૯ ના રોજ આયોગમાં કરેલ અપીલ નં.૨૫૬૫ તા.૨૯–૧–૧૦ ના પત્ર બાબત. પ્રથમ અપીલ નં.૪૦૪ તા.૨૨–૨–૧૦

શ્રી જી. રાધાની તા.૧૬–૭–૦૯ ની અરજીથી તેમની તા.૧૮–૩–૦૯ અને તા.૨૬–૫–૦૯ ની અરજી બાબતે થયેલી કાર્યવાહીની માહિતી પૂરી પાડવા બાબતેની અરજી જન્મ મરણ રજીસ્ટર ઓફિસ તાડવાડી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે માહિતી નહીં મળતા અરજદારે તા.૯–૧૨–૯ ના રોજ રાજય માહિતી આયોગ ગાંધીનગરને સીધી બીજી અપીલ કરેલ. જે અંગે રાજય માહિતી આયોગ તરફથી અપીલ નં.૨૫૬૫/૦૯–૧૦ તા.૨૯–૧–૧૦ થી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અપીલ અધિકારી પક્ષકાર બનાવી અપીલની કાર્યવાહી કરી ત્રણ અઠવાડીયામાં નિકાલ કરવાનું જણાવવામાં આવેલ.

અરજદારે મુળ અરજીથી તેમની તા.૧૮–૩–૦૯ અને તા.૨૬–૫–૦૯ ની અરજીઓના નિકાલનો તબકકો તે અંગે થયેલ કાર્યવાહી અને તા.૧૬–૩–૦૯ નું મૃત્યુપ્રમાણપત્ર મેળવેલ વ્યકિતના નામ સરનામાની માહિતી માંગેલ. અરજદારની તા.૧૬–૭–૦૯ ની અરથીજી માંગવામાં આવેલી માહિતી અંગેતા.૧૮–૩–૦૯ ના રોજ ના પત્ર બાબતે અરજદારને વેસ્ટઝોન/આ.નં.૧૫૯ તા.૮–૫–૦૯ ના પત્રથી જરૂર પ્રમાણે સુધારેલ મરણ દાખલાની કોપી માટે એફીડેવીટ સાથે જરૂરી પુરાવા રજૂ કરવાથી આમો મરણ રેકર્ડના નામમાં જરૂરી સુધારા કરી શકીએ અને તમામ જરૂરીયાત મુજબના મરણના દાખલા આપી શકાય તેવો જવાબ અરજદારને પાઠવવામાં આવેલ. તેમજ વેસ્ટઝોન/એચ/આ.નં .૧૮૧ તા.૬–૨–૧૦ થી ગુજરાત બર્થ એન ડેથ રજીસ્ટ્રેશન એકટ–૨૦૦૪ મુજબ એફીડેવીટ સાથે બે જરૂરી પુરાવા રજૂ કરવાથી સુધારો થઈ શકશે તેવો પ્રત્યુત્તર અરજદારને પાઠવવામાં આવેલ છે. મ. આરોગ્ય અધિકારી તરફથી અરજદાર ધ્વારા રૂા.૧૦/– અને ૧૦/– ના બે પોસ્ટલ ઓર્ડર અરજી ફી પેટે મુળ અરજી સાથે રજૂ કરેલ જે વેસ્ટઝોનના આ.નં.૮૩૫ તા.૨૫–૮–૦૯ ના રોજ ક્રોસ કરેલ પોસ્ટલ ઓર્ડર હોવાથી ચોકકસ વિભાગમાં જમાં થઈ શકે નહીં તેથી રૂા.૨૦ ના સ્ટેમ્પ પેપર રજૂ કરવા અથવા નિયત ફી સાથે આરટીઆઈની અરજી રજૂ કરવા જણાવવામાં આવેલ.

ઉપરોકત વિષય સંદર્ભમાં આદેશાનુસાર સુનાવણી બાબતે વિષય અને સંદર્ભમાં નિર્દિષ્ટ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપવામાં આવેલ પ્રત્યુત્તરના સંદર્ભે વધુ સ્પષ્ટીકરણ કરવા માંગતા હોય તો તે મુળ અરજીની નકલ તથા રૂા.૨૦/– ફી ભર્યાની વિગત સહ મોકલી આપવા તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએ માંગેલ માહિતીના અનુસંધાને આપવા પાત્ર ખાતાકીય જે કોઈ દસ્તાવેજ તેમજ રજુ કરવાના થતા બચાવનામાના પુરાવા સહિત જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અધિકારી સમક્ષ તા.૫–૩–૨૦૧૦ના રોજ બપોરે ૪.૦૦ કલાકે રૂબરૂ રજૂઆત અંગે અચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ. જેમાં અરજદાર ૪.૪૦ કલાક સુધી હાજર રહેલ નહીં.જેમાં જાહેર માહિતી અધિકારી તરફથી ડો.આશીષ નાયક સબરજીસ્ટર વેસ્ટઝોન ઉપસ્થિત રહેલ અને તેની સાથે સને ૧૯૯૬/૯૭/૯૮ જન્મ મરણનું વેસ્ટઝોનનું રજીસ્ટર અત્રે રજૂ કરેલ જેના પાના નં.૧૫૨ એન્ટ્રી નં.૫૯૫ ૫૨ તા.૨૫–૧૧–૯૮ ની નોંધણી તારીખમાં મનીયીલ ગોવિંદ નાયરના અવસાન તા.૧૫–૧૧–૯૮ ની અવસાન અંગેની નોંધ થયેલ હોવાનું રજૂ કરેલ. જે માહિતી આપનાર તરીકે કોલમ નં.૧૭ મા નાયર આનંદ ગોવિંદના નામનો ઉલ્લેખ છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી તરફે તેમણે જણાવેલ કે અરજી ફી રૂા.૨૦/– નિયમમાં જણાવેલ પ્રમાણે ભરપાઈ કરેલ ન હતી પરંતુ રૂા.૧૦/–,૧૦/– ના બે પોસ્ટલ ઓર્ડર મોકલેલા જે અરજદારને પરત કરી ઠરાવેલ ફી ભરપાઈ કરવા તા.૨૫–૮–૦૯ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. અરજદાર ધ્વારા મુળ અરજીની માહિતીથી મનીયલ ગોવિન્દન કુટ્ટી ના મરણ પ્રમાણપત્રની –૩ કોપીની માંગણી કરવામાં આવેલ તથા વિકલ્પે મનીયલ ગોવિન્દન કુટ્ટી અને મનીયલ ગોવિંદ નાયર બંને એક જ વ્યકિત છે. તેવું પ્રમાણપત્રની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તે બાબતે તા.૮–૫–૦૯ ના રોજ દફતરી વિગતે મનીયલ ગોવિંદ નાયરની નોંધણી થયેલ હોવાનું જણાવેલ છે. જો અરજદાર કુટ્ટીના નામ સાથે પ્રમાણપત્ર ઈચ્છતા હોય તો સોંગદનામું તથા પુરાવા રજૂ કરવા પત્ર પાઠવેલ. ત્યાર બાદ તા.૨૩–૧૦–૦૯ ના મેડીકલ સબરજીસ્ટરના પત્રથી થી પણ સી.એમ. કાર્યાલય સંદર્ભે પત્ર પાઠવી જન્મ મરણ અધિનિયમ અન્વયે માંગેલ પુરાવા રજૂ કરવા પુનઃ જણાવેલ. અને ત્યાર બાદ ઉપરોકત પત્રના સંદર્ભમાં રજીસ્ટ્રાર કક્ષાએથી તા. ૬–૨–૧૦ ના રોજ અરજદારને પત્ર પાઠવી પુનઃ નામ બદલવા માટે સોગંદનામું અને પુરાવા રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ અરજદાર તફરથી એવી કોઈ વિગત રજૂ કરવામાં આવેલ નથી. અરજદારને ઉપલબ્ધ રેકર્ડની નકલ આપવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ.

સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદારની મુળ અરજી આરટીઆઈ એકટની કલમ–૬(૧) અનુસાર નિર્ધારિત ફી સહિતની જણાતી નથી. જે આરટીઆઈ રુલ–૩ મુજબ રૂા.૨૦/– રોકડ, પે ઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટ અથવા નોનજયુડીશીયલ સ્ટેમ્પથી ભરવા પાત્ર થાય. તેમ છતાં વ્યાપક અર્થઘટન નિયમ–૩ નું કરતાં પે ઓર્ડરના દૃષ્ટિ બિંદુથી કાયદાની કલમ–૨૫ હેઠળ હાર્દ અને જોગવાઈને અનુલક્ષી પોસ્ટલ ઓર્ડર સ્વીકારી કાર્યવાહી કરવા નિર્ણય લઈ શકાય પરંતુ અરજદારે તે અંગે પછીથી કોઈ આગ્રહ સેવેલો જણાતો નથી. જેથી નિર્ધારિત ફી વિનાની મુળ અરજીની અનુપસ્થિતિમાં અપીલનું કારણ ઉત્પન થાય નહીં. તેમ છતાં આયોગ આદેશ અન્વયે ગુણદોષ પર પ્રથમ અપીલ નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો હુકમ મળ્યાના દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન બાબત હેઠળના સદર જન્મ મરણ રજીસ્ટર પૈકી સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી તથા તે પૈકી પ્રશ્ન હેઠળની નોંધનો ઉતારો કે નકલ મેળવવા સ્વતંત્ર છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) **To,G.Radha,**